# ઇડર તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોના તારુણ્ય શિક્ષણ વિશેના અભિપ્રાયો નો અભ્યાસ

**સંશોધક:**

**પ્રજ્ઞેશ એલ. દેસાઇ**

**માર્ગદર્શક:**

ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ

**સંશોધનના મુખ્ય તારણો:**

- તારૂણ્ય શિક્ષણમાં ઉદ્ધેશ્યો તરીકે તરૂણોમાં જાતીય રોગો વિશે જાણકારી લાવી શકાય.
- તરૂણોમાં જવાબદારીભર્યા વર્તન વ્યવહારનુ નિર્માણ થાય.
- તારુણ્ય શિક્ષણની આવશ્યકતા તરીકે તરૂણતરૂણીઓ જાતીયતાના અસભ્ય વર્તન તરફ ના –વળે તે માટે.
- તરૂણોમાં જાતીય બાબતો અંગે જરૂરી જ્ઞાનનો અભાવ હોવાથી તરૂણીઓનુ શોષણ અટકાવવા માટે.
- તારુણ્ય શિક્ષણના વિષયવસ્તુ તરીકે શિક્ષકોએ વિષયવસ્તુની નિખાલસ ચર્ચા માટે મોકળાશભર્યુ વાતાવરણ સર્જવુ જોઇએ .
- વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોને સમજી તે તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન આપી તેનો સમય અને વૈજ્ઞાનિક ઢબે યોગ્ય અને ચોક્કસ જવાબ આપવો.
- તારૂણ્ય શિક્ષણના માધ્યમો તરીકે તજજ્ઞોના વ્યાખ્યાનો ગોઠવવા, સંચાર માધ્યમો અને બહુ માધ્યમો દ્વારા અસરકારક અને જરૂરી માહિતી આપવી.
- તારૂણ્ય શિક્ષણ માટે ઉત્તમ ગણી શકાય તેવી સહ અભ્યાસિક પ્રવ્રુત્તિઓને પ્રાધાન્ય આપવુ.
- તારૂણ્ય શિક્ષણના માધ્યમો તરીકે જૂથ ચર્ચા કરાવવી, આકાશવાણી તથા દૂરદર્શન પર આવતા તારૂણ્ય શિક્ષણ સંબધિત શાળેય પ્રસારણો બતાવવા.
- તારુણ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ ભાવિ સુખી જીવન જીવવાની પ્રેરણા મેળવે છે.
- તારુણ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીને સ્વસ્થ અને આરોગ્યપ્રદ જીવન જીવવાની પ્રેરણા મળે છે.